૧

નવી સેવા ૨૦૧૨-૧૩.
રાજ્યમાં રૂરલ ફોરેન્સીક સેવા શરૂ કરવા માટે આયોજન હેઠળ તાંત્રિક મહેકમ માટે નવી જગ્યાઓ ઉભી કરવા માટે વહીવટી મંજુરી.

ગૃહ વિભાગ,
ગુજરાત સરકાર,
ઠરાવ ક્રમાંક:ફસલ/૧૦૨૦૧૧/૧૮૦૮/અ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ: 17 APR 2012

વંચાણે લીધો:- (૧) નિયામકશ્રી, ન્યાય સહાયક વિજ્ઞાનની કચેરીનો તા.૧૨/૩/૧૨ નો પત્ર ક્રમાંક:ડીએફએસ/ક/મક/૧૦૭૩/૨૦૧૨.

ઠરાવ:-

રાજ્યમાં રૂરલ ફોરેન્સીક સેવા શરૂ કરવા માટે તાંત્રિક મહેકમ માટે નવી જગ્યાઓ ઉભી કરવા માટે નવી સેવા ૨૦૧૨-૧૩ ના વર્ષ માટે આયોજન હેઠળ રૂ.૧૧,૦૦,૦૦૦/- ની ગૃહ વિભાગના અંદાજપત્ર પ્રકાશનમાં વિભાગ-૨ માં કરવામાં આવેલ જોગવાઇ બાબતે વહીવટી મંજુરી આપવાની બાબત વિચારણા હેઠળ હતી.

૨. રાજ્યમાં રૂરલ ફોરેન્સીક સેવા શરૂ કરવા માટે તાંત્રિક પ્રકારની નીચે જણાવ્યા મુજબની નવી જગ્યાઓ ઉભી કરવાની અને ભરવાની આથી મંજુરી આપવામાં આવે છે. અને તે માટે નીચેની શરતોને આધીન રહીને, રૂ.૧૧,૦૦,૦૦૦/- નો ખર્ચ કરવાની આથી વહીવટી મંજુરી આપવામાં આવે છે.

| ક્રમ | જગ્યાનું નામ | જગ્યાની સંખ્યા | પગાર ધોરણ |
|---|---|---|---|
| ૧ | સાયન્ટીફીક આસીસ્ટન્ટ, વર્ગ-૩ | ૧૦ | પ્રથમ પાંચ વર્ષ માટે રૂ.૧૦,૦૦૦/- (ફીક્સ) ત્યારબાદ રૂ.૯૩૦૦-૩૪૮૦૦ (ગ્રેડ પે ૪૪૦૦) |
| ૨. | ડ્રાયવર | ૧૦ | આઉટ સોર્સીંગથી |

૧) સને ૨૦૧૨-૧૩ ની જોગવાઇને આધિન રહીને નાણા વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં ખર્ચ કરવાનો રહેશે.

૨) આ અંગેનું ખર્ચ સરકારશ્રી દ્વારા વખતો વખ્ત નક્કી કરવામાં આવેલ જોગવાઇઓ અને લાગુ પડતા ધારા ધોરણને આધિન નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

૩) આ યોજના અંગેનું ખર્ચ તા.૧/૪/૨૦૧૨ પછી જ કરવાનું રહેશે.

૪) સીધી ભરતી/બઢતીથી ભરવાની થતી જગ્યાઓ ભરતી નિયમો પ્રમાણે સીધી ભરતી/બઢતીથી આવતી હોવાની શરતે તે રીતે ભરવા મંજુરી આપવામાં આવે છે.

૫) સીધી ભરતીથી નિમણૂંક પામનાર ઉમેદવારોને નિયમિત નિમણૂંક મળ્યા બાદ નાણા વિભાગના તા.૧૮/૩/૨૦૦૫ના ઠરાવ ક્રમાંક: નપન-૨૦૦૩-જીઓઆઇ-૧૦(પાર્ટ)-પી ની જોગવાઇ પ્રમાણે રાજ્ય સરકાર દ્વારા તા.૧/૪/૨૦૦૫ થી દાખલ કરવામાં આવેલ નવી વર્ધિત પેન્શન યોજના હેઠળ આવરી લેવાના રહેશે. તથા આ અંગેનો વખતોવખત બહાર પાડેલ અને ભવિષ્યમાં બહાર પડનાર હુકમો સીધી ભરતીથી નિમણૂંક પામેલ ઉમેદવારોને લાગુ પડશે.

૬) જે તે જગ્યાઓના પગાર ધોરણ આરઓપી-૨૦૦૯ પ્રમાણે છે કે નહી તે ચકાસી લેવાની ખાતા વડાની કચેરીની જવાબદારી રહેશે.

૭) આ જગ્યાઓ ભરતી વખતે અનામતનું ધોરણ નિયમોનુસાર જળવાય તે ખાતાના વડાની કચેરીએ જોવાનું રહેશે. તથા આ જગ્યાઓ ભરતી વખતે બેકલોગની જગ્યા હોય તો તેને અગ્રિમતા આપવાની રહેશે.

૮) આ જગ્યાઓ ઉપરની ભરતી સરકારશ્રીના જે તે જગ્યાના પ્રવર્તમાન ભરતી નિયમો, નીતિ નિયમોની જોગવાઇ અને નિયત પધ્ધતિને અનુસરીને કરવાની રહેશે.

૯) કોમ્પ્યુટરની જાણકારી માટે પ્રવર્તમાન ભરતી નિયમોનુસાર ઉમેદવાર નિયત થયેલ કોમ્પ્યુટર કૌશલ્યની પરીક્ષા પાસ કરેલ/લાયકાત ધરાવતા હોવા જોઇએ.

૧૦) રાજ્ય સરકાર દ્વારા વખતોવખત નિયત કાર્યભારણનો ચૂસ્તપણે અમલ કરવાનો રહેશે.

૧૧) વર્ગ-૩ની જગ્યાઓ સીધી ભરતીથી ભરવા માટે નાણા વિભાગની પૂર્વ મંજુરી મેળવવાની રહેશે.

૧૨) વર્ગ-૨ ની જગ્યાઓ ભરતી નિયમોમાં ઠરાવેલ રેશીયોની જોગવાઇ મુજબ ભરવા કાર્યવાહી કરવાની રહેશે.

૧૩) વર્ગ-૩ ની જગ્યા પ્રવર્તમાન નિયમો અનુસાર બદલી, બઢતી કે પ્રતિનિયુક્તિનાં ધોરણે ભરી શકાશે. પરંતુ આ જગ્યા જો સીધી ભરતીથી ભરવાની થતી હોય તો તાજેતરમાં વર્ગ-૩ ની જગ્યાઓ ફીકસ પગારથી ભરવા સંદર્ભે નામદાર હાઇકોર્ટના ચુકાદાને ધ્યાને લેતાં નાણા વિભાગની પૂર્વ મંજુરી મેળવ્યા બાદ ભરવાની રહેશે.

૧૪) ડ્રાયવરની સેવાઓ સામાન્ય વહીવટ વિભાગના તા.૧/૪/૨૦૧૦ ના ઠરાવની જોગવાઇ અનુસાર આઉટસોર્સીંગનાં ધોરણે મેળવવાની રહેશે.

3. આ અંગેનો થનાર ખર્ચ અંદાજપત્રના સને ૨૦૧૨-૧૩ ના વર્ષ માં નીચે દર્શાવ્યા મુજબનાં હિસાબી સદર પેટે વર્ષ ૨૦૧૨-૧૩ માં મંજુર થયેલ ગ્રાન્ટમાંથી મેળવવાનો રહેશે.

| | |
|---|---|
| (૧) માંગણી ક્રમાંક | ૪૩ પોલીસ |
| (૨) મુખ્ય સદર | ૨૦૫૫ પોલીસ |
| (૩) પેટા મુખ્ય સદર | ૦૦ |
| (૪) ગૌણ સદર | ૧૧૬ ન્યાય સહાયક વિજ્ઞાન |
| (૫) પેટા સદર | ૦૧ ન્યાય સહાયક વિજ્ઞાન પ્રયોગશાળા |
| (૬) ખર્ચનો પ્રકાર | આયોજન/મતપાત્ર |
| (૭) ખર્ચનું હેડ ચાર્જેબલ (૧૨ ડીઝીટ કોડ) | ૨૦૫૫ ૦૦ ૧૧૬ ૦૧ ૯ |
| (૮) સ્કીમ કોડ | MEP-10 ફોરેન્સીક સાયન્સ લેબોરેટરી |
| (૯) પ્લાન યોજનાનો ૬ ડીઝીટ પ્લાન કોડ | ૧૧૪૫૦૯ |

૪. આ હુકમો ગૃહ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર અધિક મુખ્ય સચિવશ્રી (નાંણા) નાણા વિભાગની તારીખ ૨/૪/૨૦૧૨ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(ડી.આર.ભમ્મર)
સેકશન અધિકારી,
ગૃહ વિભાગ.

પ્રતિ,
- નિયામકશ્રી, ન્યાય સહાયક વિજ્ઞાનની કચેરી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- નાયબ નિયામકશ્રી, પ્રાદેશિક ન્યાય સહાયક વિજ્ઞાન પ્રયોગશાળા, જુનાગઢ, રાજકોટ,સુરત,વડોદરા.
- નાણાકીય સલાહકારશ્રી(ગૃહ), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર/અમદાવાદ.
- જિલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર/અમદાવાદ.
- મુકામી તપાસણી અધિકારીશ્રી, ગાંધીનગર.
- ગૃહ વિભાગ, આર-શાખા, સચિવાલય, ગાંધીનગર.
- સીલેક્ટ ફાઇલ. શાખા/ના.સે.અ.